Volume : 4 | Issue : 4 | April 2015 ISSN - 2250-1991

Research Paper Arts

# Vaidik Sahitya Ma Nari Vimarsh

## વૈદિક સાહિત્યમાં નારી વિમર્શ

**Prof. Arvind Sinh J Thakor**

Sanskrit Department, Arts and Commerce College, Motapondha.

**KEYWORDS**

ભારતીય સંસ્કૃતિ તેમજ સાહિત્યમાં ત્યાગ અને તપસ્યાની જાજલ્યમાન વિભૂતિ તરીકે નારીનું મહત્ત્વનું સ્થાન છે. વૈદિકકાળથી અનુવૈદિકકાળ તેમજ પોરાણિકકાળ સુધી નારી સંબંધની વાતો પ્રાપ્ત થયેલી છે. આદિકાવ્ય રામાયણ અને મહાભારતની પણ નારીનું સન્માનની ભાવના હતી.

યત્ર નાર્યસ્તુ પૂજયન્તે તત્રરમન્તે દેવતાઃ ।
જ્યાં નારીનું સન્માન છે. ત્યાં દેવતાઓ નિવાસ કરે છે.

વેદોમાં વર્ણવેલ માનવસમૂહનાં કલ્યાણ માટે નારીના મહત્વને બતાવતો વિષય દૃષ્ટિગોચર થાય છે. પ્રાચીન કાળથી નિરંતર નારીસભ્યતા તેમજ નારી સંસ્કૃતિ પર ચર્ચા થયેલી છે. ઋગ્વેદના અનુસાર કેટલીક વિદૂષી નારીઓ પોતાના સદ્ગુણોને કારણે મંત્રોનો સાક્ષાત્કાર કરનારી ઋષિકાઓ તેમજ દેવીઓના રૂપમાં પ્રસિદ્ધ થઈ.

વૈદિકાળની નારીઓ પ્રત્યે ઉદારતા તેમજ સન્માનયુક્ત બંને પ્રકારનો ભાવ જોવા મળે છે. ઉપનિષદોમાં નારીને વિરાટ શક્તિનું અંગ માન્યું છે નારીરૂપી શક્તિ જ જ્ઞાન, બલ, ક્રિયા વગેરે અનેક રૂપોમાં એમની સદાચારિણી તેમજ સહધર્મિણી બની રહી છે. સ્મૃતિકારોએ પણ નારીને સાક્ષાત દેવી અને લક્ષ્મી સ્વરૂપ માની છે.

ભારતીય સંસ્કૃતિમાં નારી હંમેશાં અતિ ઉન્નતિથી ગૌરવની અધિકારીણી તેમજ સમાજમાં ત્યાગ તથા તપસ્યાની પ્રતિક બની રહી છે. નારીના મુખ્ય ત્રણ સ્વરૂપ છે. કન્યારૂપ, પત્નીરૂપ અને માતૃરૂપ કન્યારૂપમાં પાર્વતી જેમણે શિવની ઘોર તપસ્યા કરીને શિવને પ્રાપ્ત કર્યા. પત્નીરૂપ સતા રાવણ દ્વારા વારંવાર પ્રાર્થના કરી તો સીતાને રાવણની અવગણાસૂચક વચન કહ્યા જે ભારતીય નારીનું ગૌરવ હંમેશાં લોકો યાદ કરશે. માતૃરૂપમાં કૌશલ્યાનું ચરિત્ર, ધર્મ માટે ત્યાગ, પ્રતિવત્ય, કર્તવ્યનિષ્ઠા, રામ અને ભરત પ્રત્યે સમભાવ, પ્રજાનાહિત વગેરે ગુણોના કારણે લોકોમાં ઉત્કૃષ્ટ ઉદાહરણ બની છે.

નારીનું સમાજમાં એક વિશિષ્ટ તેમજ ગરિમામય સ્થાન છે. નર દિવસ છે નારી રાત્રિ, નર સૂર્ય તો નારી આકાશ, નર નારાયણ તો નારી મહાલક્ષ્મી, નર પતિ તો નારી પત્ની, વગેરે પ્રકારે સહાયક બની છે. પાર્વતી, સીતા, કૌશલ્યા, અન્સૂર્યા, અહલ્યા, દ્રૌપદી વગેરે નારીઓ આદર્શને પાત્ર બની છે. નારી શબ્દનો અર્થ જ નારીના સ્વરૂપ પર પ્રકાશ પાડે છે. ફક્ત શબ્દની ઉત્પત્તિના આધારે નારીનું સ્વરૂપ સમજવું સરળ નથી, કેમકે કવિર્દષ્ટિ પ્રમાણે નારીનું સ્વરૂપ કયારેક માયારૂપી તો કયારેક પ્રકૃતિના સમાન સરળ છે. ઋગ્વેદમાં નારીનો અર્થ નાર્યઃ શબ્દોનો પ્રયોગ થયો છે. નારીનો સામાન્ય રીતે અર્થ નારી એટલે ન અ અરિ અર્થાત્ જેનો કોઈ દુશ્મન ન હોય તેવી વ્યક્તિ તેવી સ્ત્રી, એટલે નારી અમરકોશ કારોએ નારીના અનેક પર્યાય શબ્દોનો ઉલ્લેખ કર્યો છે.

નારીના વિવિધરૂપોમાં પણ નારી ભારતીય સમાજમાં સભ્યતાનું પ્રતીક બની છે. નારી ચંદ્ર સમાન શીતળતા, શાંતિ અને ઉત્તમ ગૃહ વ્યવસ્થાનો આનંદમય પ્રકાશ–ફેલાવનારી સૌમ્ય મૂર્તિ છે.

પારિવારિક રૂપમાં નારી ભાવના નારીને ગૌરવ પદ એમના ગુણાથી પ્રાપ્ત થયું છે. આર્યપુરુષે નારીને હંમેશાં પોતાની અર્ધાગિની માની છે. વ્યવહારમાં પુરુષ મર્યાદાથી નારી મર્યાદા હંમેશાં ઉત્કૃષ્ટ રહી છે. નારી યોગ્ય પરિસ્થિતિમાં સ્થાન, સમાજ અને વ્યક્તિ વિશેષને પ્રાપ્ત કરીને મહત્વપૂર્ણ સ્થાન ઉપર સ્થાપિત થઈ છે. માતૃ શબ્દનો અર્થ આદરણીય છે. નારી – માતારૂપે, પત્નીરૂપે, બહેનરૂપે, પુત્રીરૂપે પોતાનું. કર્તવ્ય નિભાવનારી અને સભ્યતાનું પ્રતિક બની છે. સૃષ્ટિને વધારનારી તરીકે નારીદર્શન પ્રથમ માતારૂપે થયું છે. માતારૂપે નારી હંમેશાં નિંદામુક્ત રહી છે. ઋગ્વેદમાં માતાને પિતાથી ઉચ્ચ તેમજ ગુરુનું સ્થાન પ્રાપ્ત થયું છે. પત્નીરૂપમાં ભારતીય સંસ્કૃતિમાં પત્નીને અલૌકિક શક્તિ સંપન્ન માની છે. કારણ કે પતિના સુખદુ:ખની સહભાગિની, ધાર્મિક કાર્યોમાં સહાયતા કરનારી. વિવેકશીલ, કર્તવ્ય વગેરે કાર્યોમાં સહયોગ આપનારી માની છે. વૈદિક કાળમાં સ્ત્રીને ઘરની આત્મા તેમજ પ્રાણ માનવામાં આવે છે. બહેનનારૂપમાં વૈદિકકાળથી જ બહેનભાઈનો સ્નેહ તેમજ સંરક્ષણ આપી રહી છે. હિન્દુ સમાજમાં ભાઈ–બહેન વ્યાપક રહ્યો છે. બહેન હંમેશાં નિશ્ચલ, મમતાપૂર્ણ, સ્નેહ, દયા–ત્યાગ ગુણોથી ભાઈને કઠિન સમયમાં સાહસ, પ્રેરણા અને શુભકાર્યોમાં પ્રેરિત કરે છે. પુત્રીરૂપે પુત્રીને બેટી તરીકે પ્રેમ, મમતા, સ્નેહ અને વાત્સલ્યની અધિકારિણી હોય છે.

રાજનીતિમાં નારીભાવના રાજનીતિ સમાજનું અતિ આવશ્યક અંગ છે નારીમા રાજનીતિજ્ઞ હોવાનું સ્પષ્ટ કરાણ છે. વીરાંગનાના રૂપમાં પ્રાણ આપીને શૌર્ય અને બલિદાનનો પરિચય આપ્યો છે. નારી પુત્રો અને પતિને રણભૂમિમાં મોકલી મહારાણી લક્ષ્મીબાઈ, દુર્ગાવતી જેવી વીરાંગનાઓએ ઈતિહાસમાં પોતાનું નામ સુવર્ણ અક્ષરોમાં અંકિત કર્યુ છે.

ધાર્મિકતાના રૂપમાં હિન્દું સમાજમાં કર્મની પ્રધાનતા છે. શરૂઆતના સમયથી જ સરસ્વતી – શારદા, ગૌરીશંકર, લક્ષ્મીનારાયણ, સીતારામ, રાધાકૃષ્ણ વગેરે શબ્દોથી નારીની શક્તિ ભાવના સ્પષ્ટ છે. બધા ધાર્મિક અનુષ્ઠાન નારી દ્વારા જ ગ્રહણ કરાયા છે.

વિધવા નારીનું સ્થાનનો ઉલ્લેખ ઋગ્વેદમાં મળે છે. વૈદિક સાહિત્યમાં વિધવાઓ માટે વિશેષ નિયમ તેમજ પ્રતિબંધ જેવી બાબતો ન હતી. વૈદિક સંહિતામાં વિધવાને સંપતિમાં અધિકાર ન મળતો હોવાથી પુનઃ વિવાહ કરવા અધિકાર જોવા મળે છે.

સંન્યાસીના રૂપમાં વૈદિકકાળમાં કેટલીક સ્ત્રીઓ બ્રહ્મચર્યવ્રતનું પાલન કરીને સંન્યાસીના રૂપમાં રહેવાનો સંકેત મળે છે. ગાર્ગી, મૈત્રાયણી વગેરે બ્રહ્મવાદિની સ્ત્રીઓ તેમજ શબરી જેવી ભક્તનારીઓનો ઉલ્લેખ છે.

વેદકાલીન સમાજ પિતૃપ્રધાન હોવા છતાં નારી પ્રત્યે ઉદાર દૃષ્ટિકોણ રહ્યો છે. વૈદિક પરિવારમાં સ્ત્રીની પ્રધાનતા હતી. બ્રહ્મવાદિની સ્ત્રીઓ ત્યાગ–તપસ્યાના બળ પર મંત્રોનો સાક્ષાત્કારકરતી સૈન્યશિક્ષણ મેળવીને યુદ્ધમાં જતી હોવાનો ઉલ્લેખ છે. વૈદિકકાળમાં નારીઓને સન્માન અને માતાને સર્વમાં ધર્મનિષ્ઠ માની છે. બુદ્ધિના આધારે સ્થાન મેળવનારી – અપાલા, સરમા, ઉર્વશી, સાવિત્રીનો ઉલ્લેખ છે. આમ, ભારતીય નારીઓ માટે વૈદિક યુગનો ઈતિહાસ નારીભાવના માટે સ્વર્ણિમયુગ તરીકે ઓળખાય છે.

## REFERENCES

➢ વૈદિક સાહિત્યનો ઇતિહાસ (સરસ્વતી પુસ્તક ભંડાર) ➢ નારી મહિલા કા મહાગ્રંથ અધ્યાત્મ રામાયણ – ડૉ. મધુબાલા. ➢ મહાભારત કાલીન નારી (વેદ ઔર સ્મૃતિકા કે પ્રકાશ મે) – ડૉ. શ્રીમતિ સ્ર્કાલસ્ટિકાકુજૂર ➢ ઋગ્વેદ સંહિતા
➢ વૈદિક સાહિત્યમાં નારી.(વેદાલંકાર પ્રશાંતકુમાર – વાસુદેવ પ્રકાશન)